સત્યમેવ જયતે

# સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નં.૧૨, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૨૫,૨૩૨૫૪૦૨૪, ફેકસ નં. ૨૩૨૫૪૦૨૩

સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર હેઠળ ચાલતી "સાક્ષર ભારત" અને "સરસ્વતિ યાત્રા" અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કાર્યરત ગ્રામ લોક શિક્ષણ સમિતિ હેઠળ ૧૫ થી વધુ વયજૂથના નિરક્ષરોને "પાયાનું શિક્ષણ" આપવા માટે સ્વયંસેવકોની પસંદગી કરવાની થાય છે.

- **કોણ સ્વયંસેવક તરીકે અરજી કરી શકે ?**

નિવૃત્ત શિક્ષક, નિવૃત્ત આચાર્ય અને ધોરણ-૧૦ પાસ કોઇ પણ વ્યકિત સ્વયંસેવક તરીકે જોડાઇ શકે છે.

- **સ્વયંસેવક તરીકે કયાં અરજી કરી શકે ?**

ગ્રામ લોક શિક્ષણ સમિતિ હેઠળ કાર્યરત ગ્રામ્ય પ્રેરકનો સંપર્ક સાંધી અરજી આપવાની રહેશે. તમામ ગ્રામ પંચાયતો હેઠળ કાર્યરત ગ્રામ્ય પ્રેરકોની યાદી “સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી”ની શિક્ષણ વિભાગની વેબસાઇટ http://gujarat-education.gov.in/litracy/ માં સામેલ કરવામાં આવેલ છે.

- **સ્વયંસેવક તરીકે અરજી કરવાનો નમૂનો**

સ્વયંસેવક તરીકે અરજી કરવાનો નમૂનો “સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી”ની શિક્ષણ વિભાગની વેબસાઇટ http://gujarat-education.gov.in/litracy/ માં સામેલ કરવામાં આવેલ છે.

- **સ્વયંસેવક તરીકે શું કામગીરી કરવાની રહેશે ?**

ગ્રામ્ય કક્ષાએ કાર્યરત ગ્રામ્ય પ્રેરકો ધ્વારા તૈયાર કરાયેલ નિરક્ષરોની યાદી માંથી ૮ થી ૧૦ નિરક્ષરોનું જૂથ બનાવીને તેઓને વિશીષ્ટ સ્વરૂપે નિરક્ષરો માટે તૈયાર કરવામાં આવેલ “જન ચેતન વાંચન માળા” અને “સેતુ વાંચન માળા” આ બન્ને પુસ્તકોનું શિક્ષણ 300 કલાક ની સમય મર્યાદામાં આપવાનું રહેશે. ત્યાર બાદ અભ્યાસક્રમ પુર્ણ કરેલ નવસાક્ષરોને કેન્દ્ર અને ગુજરાત સરકાર ધ્વારા યોજાતી નવસાક્ષરોનું પરીક્ષામાં નામાંકન કરી પરીક્ષામાં બેસાડવાના રહેશે.

- **નિરક્ષરોને કઇ જગ્યાએ ભણાવવાના રહેશે ?**

૮ થી ૧૦ નિરક્ષરોનું જૂથ બનાવીને નિરક્ષરોને યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ઉભા કરાયેલ “પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર”માં અથવા ફળીયામાં (મંદીરના ઓટલા ઉપર, વડના ઓટલા ઉપર અથવા નિરક્ષરોના ઘરે વગેરે) ભણાવવાના રહેશે.

- **નિરક્ષરોને કયા સમયમાં ભણાવવાના રહેશે ?**

આ બન્ને યોજના અંતર્ગત નિરક્ષરોને તેઓની અનૂકુળતા મુજબ ભણાવવાના રહેશે.

- **સ્વયંસેવક તરીકે શું માનદવેતન આપવામાં આવશે અને કયારે ?**

સ્વયંસેવકો ધ્વારા શિક્ષણ પ્રાપ્ત કરેલ અને પરીક્ષા આપેલ નવસાક્ષરો માંથી જો એક નવસાક્ષર સફળતા પૂર્વક પરીક્ષા પાસ કરશે, તેમજ પરીક્ષા પાસ કર્યાનું સર્ટિફીકેટ કેન્દ્ર સરકાર માંથી આવ્યા બાદ જે નવસાક્ષરોને સર્ટિફીકેટમાં “A ગ્રેડ“ અથવા “B ગ્રેડ” મળેલ હોય તો આવા નવસાક્ષર દીઠ સ્વયંસેવકને રૂ. ૨૫૦/- લેખે માનદપુરસ્કાર આપવામાં આવશે. ઉદાહરણ તરીકે એક સ્વયંસેવકે ૧૦ નિરક્ષરોને "પાયાનું શિક્ષણ" આપ્યુ હોય અને તેઓએ સફળતા પૂર્વક પરીક્ષા પાસ કરેલી હોય તો તેઓને ૧૦x૨૫૦ = ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો) માનદપુરસ્કાર તરીકે આપવામાં આવશે.

**નોંધઃ-** "સાક્ષર ભારત" અને "સરસ્વતિ યાત્રા" યોજના શુ છે?, તેના હેતુઓ, લક્ષ્યાંકો, ધ્યેયો અને કયા જિલ્લા, તાલુકા અને ગ્રામપંચાયતોનો સમાવેશ થાય છે તે માટે યોજનાની **“માર્ગદર્શીકા તથા કાર્યયોજના”**ની પુસ્તિકા અને સ્વયંસેવકની કામગીરીની ચોકકસ માહિતી મળે તે **“સ્વયંસેવક માર્ગદર્શીકા”** PDF ફોર્મેટમાં “સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી”ની શિક્ષણ વિભાગની વેબસાઇટ http://gujarat-education.gov.in/litracy/ માં સામેલ કરવામાં આવેલ છે.

(આર.એમ.પગી)
નિયામક
સાક્ષરતા અને નિરંતર શિક્ષણ અને
સભ્ય સચિવ રાજય સાક્ષરતા મિશન
પ્રાધિકરણ, ગુજરાત રાજય, ગાંધીનગર